# GOVERNMENT ARTS COLLEGE, GANDHINAGAR

(Accredited by NAAC)

## ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલમાં રજીસ્ટ્રેશન માટે જરૂરી સૂચનાઓ

ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ (GCAS - જીકેસ) એ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ આવતી ૧૪ સરકારી યુનિવર્સિટીઓ તથા તેને સંલગ્ન સંસ્થા/કોલેજોમાં વિવિધ વિદ્યાશાખાઓમાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાના કોર્સીસની પ્રવેશની પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને સરળ કરવા માટે શરૂ કરવામાં આવેલું એક દુરંદેશીપૂર્ણ પોર્ટલ છે.

- આ એક જ પોર્ટલથી વિદ્યાર્થીઓ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, શિક્ષણ, કાયદા, રૂરલ સ્ટડીઝ, શારીરિક શિક્ષણ, બી.એડ., તથા પી.એચ.ડી. જેવી વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન માત્ર GCAS પોર્ટલ ઉપર જ કરવાનું રહેશે.
- GCAS પોર્ટલ અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષાઓમાં ઉપલબ્ધ છે.
- વિદ્યાર્થીએ **https://gcas.gujgov.edu.in** પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- વિદ્યાર્થીએ પોતાની પ્રાથમિક માહિતી ભરીને મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ રજીસ્ટર કરાવવાના રહેશે. યુઝરનેમ અને પાસવર્ડ વિદ્યાર્થીના રજીસ્ટર્ડ ઈમેલ આઈડી પર અને રજીસ્ટર્ડ કોન્ટેક્ટ નંબર પર મોકલવામાં આવશે.

  **નોંધ: ૧.** જે ઈમેલ- આઈ.ડી. અને મોબાઈલનં GCAS રજીસ્ટ્રેશન માટે રાખ્યો હોય એ કોઈ પણ સંજોગોમાં બદલી શકાશે નહીં જેની ખાસ નોંધ લેવી. ઈમેલ- આઈ.ડી નો પાસવર્ડ ચોકસાઇ પૂર્વક યાદ રાખવો અને મોબાઈલ નંબર પર વોટ્સેપ ચાલુ રાખવું. રજીસ્ટર કરાવેલ ઈમેલ- આઈ.ડી. અને મોબાઈલ નંબર પર જરૂર મુજબ OTP, અગત્યની નોટિસ વગેરે માહિતી વખતો વખત આવશે જેથી નિયમિત રીતે ઈમેલ- આઈ.ડી. અને મોબાઈબ નંબર જોતાં રહેવું.

  ૨. રજીસ્ટ્રેશન થઈ ગયા બાદ સ્ક્રીન પર જે નોટિફિકેશન આવે તેનો સ્ક્રીનશોટ બિનચૂક લઈ સાચવીને રાખવો.
- રજીસ્ટ્રેશન ૧ એપ્રિલ ૨૦૨૪ થી શરુ થશે અને રિઝલ્ટ આવ્યા બાદ વિદ્યાર્થી રજીસ્ટ્રેશન તમામ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે.
- વિદ્યાર્થીએ પોતાની બેઝીક પ્રોફાઈલ (Profile)ની માહિતી, શૈક્ષણિક (Academic) માહિતી તેમજ જરૂરી આધારો જેવા કે, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.), માર્કશીટ, જાતિ પ્રમાણપત્ર, આવકનો દાખલો, વિદ્યાર્થીનો સ્કેન કરેલ ફોટોગ્રાફ અને સહી વગેરે લાગુ પડતાં દસ્તાવેજો પોર્ટલ પર અપલોડ કરવાનાં રહેશે.

  **નોંધ:** જેટલા પણ દસ્તાવેજો અપલોડ કરવાના છે તે તમામ પીડીએફ ફોરમેટમાં કરવાના રહેશે જેની વધુમાં વધુ સાઇઝ- ૨૦૦ KB. હોવી જોઈએ અને પોતાનો ફોટો અને સહી jpeg ફોરમેટમાં અપલોડ કરવાના રહેશે જેની વધુમાં વધુ સાઇઝ- ૫૦ KB. હોવી જોઈએ.

  **ખાસ નોંધ: ૧.** કોઈ પણ માહિતી તેમજ દસ્તાવેજો અપલોડ કરીને સબમિટ (SUBMIT) કર્યા બાદ કોઈ પણ ફેરફાર કે સુધારા થઈ શકશે નહીં જેની ખાસ નોંધ લેવી.

  **ખાસ નોંધ: ૨.** GCAS પોર્ટલ પર દસ્તાવેજો અપલોડ કરીને સબમિટ (SUBMIT) કર્યા બાદ સ્ક્રીન પર જે નોટિફિકેશન આવે તેનો સ્ક્રીનશોટ બિનચૂક લઈ સાચવીને રાખવો.
- વિદ્યાર્થી જે ડીગ્રી કોર્સ, યુનિવર્સિટી કે તેને સંલગ્ન સંસ્થા/કોલેજમાં પ્રવેશ લેવા માંગે છે તેની પસંદગી (Choice) કરવાની રહેશે.

  **ખાસ નોંધ:** કોઈ પણ માહિતી તેમજ દસ્તાવેજો અપલોડ કરીને સબમિટ (SUBMIT) કર્યા બાદ કોઈ પણ ફેરફાર કે સુધારા થઈ શકશે નહીં જેની ખાસ નોંધ લેવી.

  ડીગ્રી કોર્સ, યુનિવર્સિટી કે તેને સંલગ્ન સંસ્થા/કોલેજમાં પ્રવેશ માટે પસંદગી (Choice) કરીને સબમિટ (SUBMIT) કર્યા બાદ સ્ક્રીન પર જે નોટિફિકેશન આવે તેનો સ્ક્રીનશોટ બિનચૂક લઈ સાચવીને રાખવો.
- GCAS પોર્ટલની રજીસ્ટ્રેશન ફી (Payment) ₹૩૦૦/- ઓનલાઈન માધ્યમથી ચુકવવાની રહેશે જે પરત મળવાપાત્ર નથી.

  નોંધ: રજીસ્ટ્રેશન ફી ભર્યા બાદ સ્ક્રીન પર જે નોટિફિકેશન આવે તેનો સ્ક્રીનશોટ બિનચૂક લઈ સાચવીને રાખવો.
- ભરેલી વિગતોની સમીક્ષા કરી અરજી સબમિટ (Final Submit) કરવાની રહેશે.

  ખાસ નોંધ: અરજી સબમિટ (SUBMIT) કર્યા બાદ કોઈ પણ ફેરફાર કે સુધારા થઈ શકશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- રજિસ્ટ્રેશન પ્રક્રિયા સંબંધિત કોઈપણ સહાયતા માટે ઈ-મેઈલ: support-gcas @gujgov.edu.in

## GCAS પોર્ટલ પર રજીસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજો

| **જરૂરી દસ્તાવેજો** | **દસ્તાવેજ માટેનું સૂચિત માળખું** |
|---|---|
| 1. પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ | સફેદ બેકગ્રાઉન્ડ ધરાવતો અને બંને કાન જોઈ શકાય તેવો. એપ્લિકેંટ્સનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટોગ્રાફ (jpeg અથવા jpg ફોર્મેટમાં જેની વધુમાં વધુ સાઈઝ-૫૦ KB હોવી જોઈએ) |
| 2. સહીનો નમૂનો | સફેદ બેકગ્રાઉન્ડ પર કાળી/વાદળી શાહીમાં ઉમેદવારના હસ્તાક્ષર.<br>(jpeg અથવા jpg ફોર્મેટમાં જેની વધુમાં વધુ સાઈઝ-૫૦ KB હોવી જોઈએ) |
| 3. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાની માર્કશીટ (HSE) | પીડીએફ ફોર્મેટમાં સ્કેન કરેલી નકલ.<br>બધી માહિતી સ્પષ્ટ રીતે દેખાતી હોવી જોઈએ. |
| 4. સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ (L.C.) | |
| 5. પાસિંગ સર્ટિફિકેટ/ટ્રાયલ સર્ટિફિકેટ | |
| 6. માઈગ્રેશન સર્ટિફિકેટ (જો વિદ્યાર્થીએ ગુજરાત બહારથી 12મું ધોરણ પાસ કર્યું હોય તો) | |
| 7. ડોમિસાઈલ સર્ટિફિકેટ | |
| 8. કેટેગરી સર્ટિફિકેટ (OBC & SEBC વિદ્યાર્થીએ તાજેતરમાં કઢાવેલ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર જોડવાનું રહેશે. | |
| 9. આવકનું પ્રમાણપત્ર | |
| 10. ફ્રી શિપ સર્ટિફિકેટ | |
| 11. વિકલાંગપણું ધરાવતી વ્યક્તિનું પ્રમાણપત્ર | |
| 12. ઓળખના પૂરાવા (આધાર કાર્ડ) | |
| 13. 10મા ધોરણની માર્કશીટ (ઉંમરના પૂરાવા માટે) | |
| 14. અંડરગ્રેજ્યુએટ કોર્સ સર્ટિફિકેટ/માર્કશીટ | |
| 15. અનુસ્નાતક અભ્યાસક્રમ પ્રમાણપત્રો/ માર્કશીટ | |

**નોંધ: જેટલા પણ દસ્તાવેજો અપલોડ કરવાના છે તે તમામ પીડીએફ ફોરમેટમાં કરવાના રહેશે જેની વધુમાં વધુ સાઈઝ- ૨૦૦ KB. હોવી જોઈએ અને પોતાનો ફોટો અને સહી jpeg/jpg ફોરમેટમાં અપલોડ કરવાના રહેશે જેની વધુમાં વધુ સાઈઝ- ૫૦ KB. હોવી જોઈએ.**

**GCAS ને લગતી વધુ માહિતી માટે નીચે ક્લિક કરો:**

https://drive.google.com/file/d/1Lmq2o3E5k2z9egkIrLKCEYY-b_y-CXeJ/view?usp=sharing